પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૬ | ૨૭ માર્ચ, ૨૦૧૮, મંગળવાર ; ચૈત્ર સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### ચીનનો દોકલામ પર ફરી દાવો

ચીને દોકલામ વિસ્તાર પર ફરી દાવો વ્યક્ત કરતા કહ્યુ છે કે દોકલામનો ચીન સાથે સંબંધ હોવાના ઐતિહાસિક દસ્તાવેજો અમારી પાસે ઉપલબ્ધ છે. ભારત ગયા વર્ષ પરથી શીખ લે એ જરૂરી છે.

### અન્ના હજારેનુ આંદોલન જલ્દી પૂર્ણ

મહારાષ્ટ્રના જળ સંશાધન મંત્રી ગિરીશ મહારાજે દાવો કર્યો છે કે ટુંક સમયમાં અન્ના હજારેનું આંદોલન પૂર્ણ થઈ શકે છે. તેઓ અન્ના હજારેને મળવા રામલીલા મેદાન પહોંચ્યા હતા.

### રાજસ્થાન રોયલના કેપ્ટનપદેથી સ્મીથને હટાવાયો

બોલ ટેમ્પરીંગ મુદ્દે સ્ટીવ સ્મીથની મુશ્કેલીઓ વધી છે. આઈપીએલની ટીમ રાજસ્થાન રોયલ્સે સ્મીથ પાસેથી કેપ્ટનશીપ છીનવી લઈ રહાણેને સુકાનીપદ સોંપ્યુ છે.

### રશિયાના ૬૦ રાજદ્વારીની અમેરિકાથી હકાલપટ્ટી

ટ્રમ્પ વહીવટીતંત્રએ આજે આક્રમક કાર્યવાહી કરીને ૬૦થી વધારે રશિયન રાજદ્વારીઓની હકાલપટ્ટી કરી દીધી હતી. સાથે સાથે સિએટલ સ્થિત રશિયન દૂતાવાસને બંધ કરવાનો આદેશ જારી કર્યો હતો. અમેરિકા અને યુરોપિયન દેશોએ રશિયાને બોધપાઠ ભણાવવાના હેતુસર આ પગલું લીધું હોવાના અહેવાલ મળ્યા છે.

# રશિયાના શોપિંગ મોલમાં ભીષણ આગ

## ૬૪ના મોત : ૩૦૦ જેટલા ફાયરફાઈટરોએ છ કલાક બાદ આગને કાબૂમાં લીધી : આગ લાગતાં અનેક લોકો ગુમ, શોપિંગ મોલમાં સિનેમા હોલ, મનોરંજનની સુવિધાઓ ઉપલબ્ધ હતી



મૉસ્કો,તા.૨૬

રશિયાના સાઈબેરિયન શહેર કેમરોફોમાં એક શૉપિંગ મોલમાં ભીષણ આગ લાગી ગઈ છે. આગ લાગતા ૬૪ લોકોના મોત થયા છે અને અનેક લોકો ગુમ થયા હોવાના સમાચાર છે. આગ લાગ્યાની જાણ થતાં આશરે ૩૦૦ જેટલા ફાયરફાઈટર્સ મોલ ખાતે પહોંચી ગયા હતા. તેઓ લગભગ છ કલાકે આગને કાબુમાં લાવવામાં સફળ થયા હતા.

કેમેરોવો શહેર રશિયાના પાટનગર મોસ્કોથી લગભગ સાડા ૩ હજાર કિ.મી.ના અંતરે આવેલું છે. આ શહેર કોલસાના ઉત્પાદન માટે જાણીતું છે.

એજન્સીના મતે શૉપિંગ મોલમાં આગ બાળકોના પ્લેગ્રાઉન્ડની પાસે ફેલાઈ હતી. કહેવાય છે કે એક બાળકે લાઈટરનો ઉપયોગ કર્યો હતો તેના લીધે આગ લાગી હતી. જો કે બીજી વાત એમ પણ સામે આવી રહી છે કે આગ શૉર્ટ સર્કિટના લીધે લાગી છે. જો કે તેના પર કોઈ સત્તાવાર કોઈ પુષ્ટિ થઈ નથી થઈ કે આગનું કારણ શું હતું. અહીં હાજર લોકોના મતે મૉલમાં કોઈપણ ફાયર એલાર્મ નહોતું. આગથી પોતાનો જીવ બચાવા માટે કેટલાંય લોકો

● અનુસંધાન પાન-૭ પર

# નવા મોરચાની રચનાના મામલે મમતા બેનર્જી દિલ્હી પહોંચ્યા

## લોકસભા ચૂંટણી પૂર્વે એકમત વિપક્ષ અને મહાગઠબંધનની શક્યતા ચકાસવા માટે મમતાના પ્રયાસો : જુદા જુદા વિપક્ષી નેતાઓ સાથે વાતચીત



નવી દિલ્હી,તા. ૨૬

૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા વિપક્ષ અને મહાગઠબંધનની શક્યતા ચકાસવાના પ્રયાસો શરૂ થઈ ચુક્યા છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને તૃણમુલ કોંગ્રેસના નેતા મમતા બેનર્જી આજે દિલ્હી પહોંચ્યા હતા. ચાર દિવસીય પ્રવાસ વચ્ચે મમતા બેનર્જીએ દિલ્હીમાં કેટલીક પાર્ટીઓના નેતાઓ સાથે વાતચીતની શરૂઆત કરી દીધી છે અને સાથે સાથે તે રાષ્ટ્વાદી કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ શરદ પવાર તરફથી બોલાવવામાં આવેલી વિપક્ષી નેતાઓની બેઠકમાં પણ સામેલ થઈ રહી છે. ટીએમસીના એક વરિષ્ઠ નેતાએ કહ્યું છે કે, મમતા બેનર્જી દિલ્હીના પ્રવાસ દરમિયાન શરદ યાદવ, અરવિંદ કેજરીવાલ, શિવસેના અને તેલુગુદેશમ પાર્ટીના નેતાઓ સાથે વાતચીત કરી રહી છે. મમતા બેનર્જી વિપક્ષોને એકમત કરવાના પ્રયાસોમાં છે. જો કે, રાહુલ ગાંધી સાથે મુલાકાતને લઈને હજુ કોઈ કાર્યક્રમ નક્કી કરાયો નથી. સોનિયા ગાંધીએ મમતાને મળવા માટે આમંત્રણ મોકલ્યું હતું જેને મમતા

# નિકાહ હલાલા-બહુવિવાહ પ્રશ્ને સુપ્રીમ સુનાવણી કરશે

## વલણ સ્પષ્ટ કરવા કેન્દ્ર અને લો કમિશનને નોટિસ આપવામાં આવી : બંને પ્રથાને નાબૂદ કરવાની માંગ કરતી અરજીઓ ઉપર હવે સુનાવણી હાથ ધરાશે ત્રિપલ તલાકના ઐતિહાસિક ચુકાદા બાદથી વધુ એક જટિલ મામલો

નવીદિલ્હી,તા. ૨૬

નિકાહ હલાલા અને બહુવિવાહ ગેરબંધારણીય છે કે કેમ તેને લઈને સુપ્રીમ કોર્ટ સુનાવણી કરવા માટે સહમત થઈ ગઈ છે. સુપ્રીમ કોર્ટે ત્રિપલ તલાકને ગેરબંધારણીયરીતે જાહેર કર્યાના સાત મહિના બાદ સુપ્રીમ કોર્ટ મુસ્લિમ સમુદાયની અંદર નિકાહ હલાલા અને બહુવિવાહ ગેરબંધારણીય છે કે કેમ તેમાં સુનાવણી કરશે. સુપ્રીમ કોર્ટ આજે નિકાહ હલાલા અને બહુવિવાહની બંધારણીય કાયદેસરતામાં ચકાસણી કરવામાં સહમત થઈ ગઈ હતી. ગયા વર્ષે ઓગસ્ટ મહિનામાં સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. ઈન્સ્ટન્ટ ત્રિપલ તલાકના મામલામાં ચકાસણી કરી ચુકેલી પાંચ જજની બેંચે નિકાહ હલાલા અને બહુવિવાહના મુદ્દા ઉપર વિકલ્પો ખુલ્લા રાખ્યા છે. સુપ્રીમ કોર્ટે આજે કેન્દ્ર સરકાર અને લો કમિશનને નોટિસ ફટકારીને શ્રેણીબદ્ધ અરજીઓ અંગે તેનું વલણ સ્પષ્ટ કરવા સૂચના આપી

● અનુસંધાન પાન-૭ પર

### નિકાહ હલાલાના દુરુપયોગ અને મજાકને રોકવા પ્રયાસો

નવીદિલ્હી, તા. ૨૬

ત્રિપલ તલાકના મુદ્દે ૨૨મી ઓગસ્ટના દિવસે ઐતિહાસિક ચુકાદો જાહેર કરવામાં આવ્યો હતો. એડવોકેટ એમએસ ખાનનું કહેવું છે કે, પતિએ પત્નિને તલાક આપી દીધો છે અને તેને આ બાબતની જાણ થઈ છે કે તેનાથી ભુલ થઈ છે તો તે ફરીથી પોતાની પત્નિ સાથે સંબંધ સ્થાપિત કરી શકે છે. આ બાબતની સ્થિતિમાં મહિલાને નિકાહ હલાલામાંથી પસાર થવાની ફરજ પડે છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગુજરાતમાં હિટવેવ

## પારો ૪૨ સુધી પહોંચ્યો : પોરબંદરમાં મહત્તમ તાપમાન ૪૨.૫ નોંધાયું : રાજ્યના ઘણા ભાગોમાં તાપમાનમાં વધારો : હજુ ગરમી વધવાની આગાહી : ગરમીથી એકનું મોત : તંત્ર સાવધાન



અમદાવાદ,તા. ૨૬

અમદાવાદ સહિત ગુજરાતમાં આજે ગરમીનો પ્રકોપ રહ્યો હતો અને મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર વધારો થયો છે. અનેક ભાગોમાં પારો ૪૧થી પણ ઉપર પહોંચી ગયો હતો. આ સ્થિતિ હાલ યથાવત રહે તેવી શક્યતા છે. ગરમીના કારણે એક વ્યક્તિનું મોત પણ થયું હોવાના અહેવાલ મળ્યા છે. આગામી બે દિવસ દરમિયાન હિટવેવની સ્થિતિ રહેવાની ચેતવણી તંત્ર દ્વારા જારી કરવામાં આવી છે. આગામી દિવસોમાં ગરમીના પ્રમાણમાં હજુ પણ વધારો થવાની શક્યતા રહેલી છે ત્યારે તંત્ર દ્વારા પણ ગરમીથી બચવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. ઘણી જગ્યાઓએ પાણીની પરબો શરૂ કરવામાં આવી ચુકી છે. સાથે સાથે જાહેર સ્થળો પર પાણીના જગ પણ મુકવામાં આવ્યા છે. બસ સ્ટેન્ડ પર પણ પાણીના જગ મુકાયા છે. અમદાવાદમાં આવતીકાલે પારો ૪૦ રહી શકે છે. એકાએક ગરમીના પ્રમાણમાં જોરદાર વધારો થઈ ગયો છે. અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં તબક્કાવાર રીતે વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. આજે રાજ્યના અનેક ભાગોમાં પારો ૪૧થી પણ ઉપર પહોંચી ગયો હતો. સૌથી વધુ ગરમીનો અનુભવ પોરબંદરમાં થયો હતો. જ્યાં પારો ૪૨.૫ સુધી પહોંચી ગયો હતો. રાજ્યના અનેક ભાગોમાં પારો ૪૧થી ઉપર રહ્યો હતો. જે વિસ્તારોમાં આજે પારો ૪૧થી ઉપર રહ્યો હતો તેમાં સુરતમાં ૪૧.૮, સુરેન્દ્રનગરમાં


● અનુસંધાન પાન-૭ પર

# બુલેટ ટ્રેનના માર્ગ નિર્માણની કામગીરી આરંભાશે

## મુંબઈમાં ટ્રેનના માર્ગ પર ટૂંકમાં નિર્માણ કામ શરૂ કરાશે : અમદાવાદ અને મુંબઈ વચ્ચે રોજ ૭૦ ટ્રેનો દોડાવવામાં આવશે : ૩૫ ટ્રેનો સાબરમતીથી મુંબઈ માટે રવાના થશે : ૮૮૦૦૦ કરોડ જાયકા દ્વારા અપાયા

મુંબઈ,તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સપનાની બુલેટ ટ્રેનને વહેલી તકે પાટા પર લાવવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે સતત જોરદાર કામગીરી ચાલી રહી છે. હવે ટુંક સમયમાં જ મુંબઈમાં બુલેટ ટ્રેનના માર્ગનુ નિર્માણ કામ શરૂ કરવામાં આવનાર છે. બુલેટ ટ્રેનને લઈને તમામ તૈયારી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. મુબઈ-અમદાવાદ વચ્ચે આ બુલેટ ટ્રેન દોડનાર છે. બુલેટ ટ્રેન દરરોજ ૭૦ સેવા આપનાર છે. જે પૈકી ૩૫ સેવા સાબરમતીથી શરૂ થઈને મુંબઈ પહોંચશે. જ્યારે અન્ય ૩૫ સેવા બીકેસીથી સાબરમતી માટે ચલાવવામાં આવનાર છે. નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશનના અધિકારી અચલ ખરેએ વિગત આપતા કહ્યુ છે કે ભીડના સમયમાં એટલે કે સવારે સાત વાગ્યાથી ૧૦ વાગ્યા વચ્ચે અને સાંજે પાંચ વાગ્યાથી નગ વાગ્યા વચ્ચે પ્રતિ કલાક બન્ને દિશામાં ત્રણ બુલેટ ટ્રેન ચલાવવામાં આવનાર છે. જ્યારે બાકીના સમયમાં પ્રતિ કલાક બે બુલેટ ટ્રેન ચલાવવામાં આવનાર છે. મુંબઈમાં બીકેસી સ્ટેશન માટે રાજ્ય સરકારે એમએમઆરડીએનની જમીન રેલવેને સોંપી દેવામાં આવી છે. આ ઉપરાંત અન્ય જરૂરી જમીન માટે સરકારે એક અધિકારીની નિમણૂંક કરી છે. જે મહારાષ્ટ્રમાં જમીન




અદિગ્રહણ કરવામાં રેલવેની મદદ કરનાર છે. અહે નોંધનીય છે કે જમીન પર આંતરરાષ્ટ્રીય નાણાં કેન્દ્ર બનાવવામાં આવનાર હતુ. પરંતુ તેની જમીનને રાજ્ય સરકારે કેન્દ્રને સોંપી દીધી છે. બુલેટ ટ્રેનના એક રેકમાં ૧૦ ડબ્બા રહેનાર છે. જેમાં નવ ઈકોનોમી ક્લાસના રહેશે. જ્યારે એક બિઝનેસ ક્લાસના રહેશે. આ ટ્રેનમાં કુલ સાત શૌચાલય રહેશે. જેમાં મહિલાઓ અને વિકલાંગ લોકો માટે અલગ વ્યવસ્થા રહેશે. સાથે સાથે ટ્રેનમાં એક ખાસ રૂમ રહેશે. જેમાં એ યાત્રી આરામ કરી શકશે જેમની તબિયત ખરાબ રહેશે. માતા બાળકોને દુધ પીવડાવવા માટે પણ આનો ઉપયોગ કરી શકશે. બુલેટ ટ્રેન માટે મુંબઈમાં પ્રથમ સ્ટેશન બાંદરા-કુર્લા સંકુલમાં રહેશે. બીકેસીથી આ ટ્રેન થાણે ખસેડવાની

● અનુસંધાન પાન-૭ પર

# કર્ણાટકમાં ચૂંટણી પૂર્વે નેતાઓ પૈસા અને ઘડિયાળો વહેંચે છે

બેંગ્લોર,તા. ૨૬

કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણી માટેની તારીખો હજુ જાહેર થઈ નથી ત્યારે ચૂંટણી જીતવાના પ્રયાસો અત્યારથી જ શરૂ થઈ ચુક્યા છે. કર્ણાટક વિધાનસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસ અને જેડીએસના નેતાઓ પૈસા અને ઘડિયાળ વહેંચતા કેમેરામાં કેદ થઈ ગયા છે. કર્ણાટકની ચર્ચાસ્પદ કેઆરનગર સીટના વર્તમાન ધારાસભ્ય મતદારોની વચ્ચે પૈસા વહેંચતા કેમેરામાં કેદ થઈ ગયા છે. બીજી બાજુ જેડીએસ અને કોંગ્રેસના નેતાઓ ઘડિયાળ વહેંચતા કેમેરામાં કેદ થઈ જતા ભારે ચર્ચા જોવા મળી રહી છે. કર્ણાટક વિધાનસભા ચૂંટણી આડે એક મહિનાથી પણ ઓછો સમય રહ્યો છે ત્યારે રાજકીય પાર્ટીઓએ સ્થાનિક નેતાઓને પ્રભાવિત કરવા માટે કામગીરી શરૂ કરી દીધી છે. સાથે સાથે સ્થાનિક નેતાઓને મતદારોમાં પ્રભાવ જમાવવા માટે કહેવામાં આવી ચુક્યા છે.

મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસો શરૂ થઈ ચુક્યા છે. સોશિયલ મિડિયામાં હાલ એવા વિડિયો વાઈરલ થઈ રહ્યા છે જેમાં જેડીએસ

● અનુસંધાન પાન-૭ પર

માર્ચ થી દિવાળી સુધી By Air કપલ/ફેમિલિ/LTC પ્રવાસો.

| | |
|---|---|
| લેહ-લદાખ-નુબ્રાવેલી-પેંગોગ | આંદામાન-હેવલોક/નીલ આઇલેન્ડ |
| ભુતાન-પારો-થિમ્પુ-પુનાખા | બદ્રીનાથ-કેદારનાથ-ગંગોત્રી-યમુનોત્રી |
| ગંગટોક-લાચુંગ-પેલીંગ-દાર્જીલીંગ | કાઠમંડુ-ચિતવન-પોખરાવેલી |
| કાશ્મીર-પહેલગામ-ગુલમર્ગ-સોનમર્ગ | નૈનિતાલ-કોર્બેટ/મસૂરી-હરિદ્વાર |
| સિમલા-મનાલી-ડેલહાઉસી-અમૃતસર | મુન્નાર-થેકડી-કોવાલમ-કન્યાકુમારી |

નૂતન ટ્રાવેલ્સ Since 1951
ઓ.:૩૦૭, કરીશ્મા કોમ્પલેક્ષ, સ્ટેડીયમ સર્કલ, સી.જી. રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯.
Ph.: 079-26562322/24/25 M.: 9427455274,9408643756,9898023955
E-mail : info@nutantravels.com / nutantravels@gmail.com


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

જન્મદિને વધામણી



શ્રી મિતુલ જોષી

આજે આપના જન્મદિને અંતરના ઉમળકાથી શુભકામનાઓ પાઠવીએ છીએ...
આપનું જીવન હંમેશા ગતિ-પ્રગતિમય રહો એવી મનોકામના વ્યક્ત કરીએ છીએ..
આપના જીવનની પળે-પળ પર્વ બની રહે એવી પરમ તત્વને વંદના કરીએ છીએ...



યશ અશ્વિનભાઈ કોટવાલ
(પ્રમુખ, વિજયનગર તાલુકા પંચાયત)



મેહુલ વી. ચૌધરી
(પ્રમુખ, ખેરાલુ NSUI, અને બિલ્ડર)